સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બેરોજગાર ઉમેદવારોના નામની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૯૯/૨૧૮૮ (૨૦૦૩)/(૧)/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 11 AUG 2003

<u>વંચાણમાં લીધા</u> :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૬/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૯૯/૧૯૪/અ

(૨) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૮/૨/૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃવિજાક/ જન/૨૧૪/૨૦૦૨-૨૦૦૩/૪૧૩

<u>ઠરાવ</u> :-

આ વિભાગના તા.૨૮/૬/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૯૯/૧૯૪/અ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના બેરોજગાર ઉમેદવારોના નામની નોંધણી માત્ર જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા જ કરવા અંગે લેવાયેલ નિર્ણયની સમીક્ષા બાદ આ પ્રથા કાયમી ધોરણે ચાલુ રાખવી તેવો નિર્ણય લેવાયો હતો.

૨. આ અંગે આનુસાંગિક વિચારણા અને સમીક્ષા કરતાં જણાયું છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બેરોજગાર ઉમેદવારોના નામોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા કોમ્પ્યુટર પ્રથા અંતર્ગત થતી હોવાથી તે વહીવટી રીતે વધુ અનુકૂળ હોઈ નીચે મુજબ નિર્ણયો લેવામાં આવે છે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બેરોજગાર ઉમેદવારોના નામની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા જ કરવાની હાલની પ્રથા કાયમી ધોરણે ચાલુ

રાખવાનું યોગ્ય છે. સરકાર તે મુજબ આ હુકમનો કાયમી ધોરણે અમલ કરવાનુ આથી ઠરાવે છે.

(૨) જિલ્લા રોજગાર કચેરીઓમાં રાખવામાં આવતી બેરોજગાર ઉમેદવારોની કોમ્પ્યુટરાઈઝ યાદી કોમ્પ્યુટર પર ઉપલબ્ધ થતી હોવાથી આવી યાદીની નકલ જેતે જિલ્લાના નાયબ નિયામક (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) એ સબંધકર્તા જિલ્લાની રોજગાર વિનિમય કચેરી પાસેથી મેળવી તેમની કચેરીમાં પણ રાખવાની રહેશે, સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી/નાયબ નિયામક (વિ.જા.) એ આ સૂચનાઓનો યોગ્ય તે અમલ થાય તે જોવું.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
—માન.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી
—શ્રમ અને રોજગાર વિભાગ, આર–શાખા,સચિવાલય, ગાંધીનગર
—સામાન્ય વહીવટ વિભાગ, ક–શાખા, સચિવાલય, ગાંધીનગર
—નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
—નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
—સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
—સચિવશ્રી, ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ,ગાંધીનગર
—નાયબ નિયામકશ્રી, (વિ.જા.) સુરત, વડોદરા,અમદાવાદ,રાજકોટ,ભાવનગર,જામનગર
—સર્વે જિલ્લા રોજગાર અધિકારીશ્રીઓ
—સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.)
—સચિવાલયના સર્વે વિભાગો
—આ વિભાગની સર્વે શાખાઓ
—આ વિભાગ હેઠળના ખાતાના વડાઓ/બોર્ડ/નિગમ.
—સિલેકટ ફાઈલ.

૧૦૭૬અ